# ભારત લોકહિત સેવા સમિતિ

## સંચાલિત

# 'ચિન્મય'

**માનસિક દિવ્યાંગ (મંદબુદ્ધિ) બાળકોની નિવાસી તથા ડે-કેર સંસ્થા**

**નૈસર્ગિક વાતાવરણમાં આધુનિક પદ્ધતિએ તાલીમ આપતી સંસ્થા**

૧/બી–૨/એ, આઝાદનગર, નવી ફતેહવાડી,
ઋષિકેશ વિદ્યાલય પાસે, ભારતીય આશ્રમની આગળ,
ધોળકા હાઈવે, સરખેજ, જી. અમદાવાદ–૩૮૨૨૧૦
ફોન : ૦૭૯–૨૬૮૨૨૦૩૯, ૮૧૪૧૪૬૦૧૧૭
E-mail: contact@chinmayindia.org, chinmayblss@gmail.com
Website: www.chinmayindia.org

# સંસ્થાના સ્થાપક તથા મેનેજીંગ ટ્રસ્ટી :
# ડૉ. ગર્ગ ભોગીલાલ શુકલ



જેઓ ભારત લોકહિત સેવા સમિતિ ટ્રસ્ટના સ્થાપક અને મેનેજીંગ ટ્રસ્ટી તથા ટ્રસ્ટ સંચાલીત – ચિન્મય માનસિક દિવ્યાંગ બાળકોની નિવાસી તથા ડે–કેર સંસ્થાના પ્રણેતા છે. જેઓ છેલ્લા ૨૦ વર્ષોથી સામાજીક તથા સેવાકીય ક્ષેત્રે કાર્યરત છે. જે માટે તેઓને ગુજરાત રાજ્યના રાજ્યપાલશ્રી, સામાજિક ન્યાય તથા અધિકારીતા મંત્રીશ્રી તથા અમદાવાદ જિલ્લા કલેક્ટરશ્રી જેવા મહાનુભાવોના હસ્તે સન્માનવામાં આવ્યા છે. સને ૧૯૯૮માં ડૉ. ગર્ગ શુક્લએ માનસિક દિવ્યાંગ બાળકો અને તેમાંય ખાસ કરીને ટોઈલેટ અનટ્રેઈન્ડ સિવિયર બાળકો માટે – ચિન્મય માનસિક દિવ્યાંગ બાળકોની નિવાસી તથા ડે–કેર સંસ્થા શરૂ કરી અને જેમાં તેઓ તન–મન–ધનથી સંપૂર્ણ સેવા આપી રહેલ છે.











ભારત લોકહિત સેવા સમિતિ સંચાલીત **'ચિન્મય'** માનસિક દિવ્યાંગ બાળકોની નિવાસી સંસ્થાના સ્થાપક તથા મેનેજીંગ ટ્રસ્ટી શ્રી ડૉ. ગર્ગ ભોગીલાલ શુકલને દિવ્યાંગ બાળકો માટે વ્યક્તિગતરૂપે કરેલ પ્રશંસનીય કામગીરી અને વિશિષ્ટ યોગદાન બદલ ગુજરાત રાજ્યના સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ દ્વારા માનનીય કેબીનેટ મંત્રીશ્રી ફકીરભાઈ વાઘેલાના વરદ હસ્તે જુન–૨૦૧૨માં ''રાજ્ય પારિતોષિક'' એનાયત કરી સન્માનિત કરવામાં આવ્યા.

**'ચિન્મય'** નામ પણ 'ગણેશાર્થ શિર્ષમ' સ્તોત્રમાં ગણપતિદાદાની ઉપાસનાના ભાગરૂપે છે. વિધિકર્તા વિઘ્નહર્તા ગણેશજી આ સ્તોત્રમાં કહે છે, ''ત્વં વાડમય, ત્વં ચિન્મય, ત્વં આનંદમય, ત્વં બ્રહ્મમય:''

''આ તીર્થના માનસિક દિવ્યાંગ બાળકો બ્રહ્મમય છે. તેમની સેવા–શુશ્રૂષા અને સ્વાસ્થ્ય સાથે તમામ પ્રકારે પૂજા–અર્ચના–સારવાર કરવી એ સાક્ષાત પ્રભુ સેવા છે.''

– ડૉ. ગર્ગ શુકલ, સ્થાપક તથા મેનેજીંગ ટ્રસ્ટી

# ''આપણી સામાજીક વિચારધારા-જીવનનું અલ્પવિકસીત કડવું સત્ય''

કોઈપણ પરિવારમાં જન્મથી અથવા તો કોઈક બિમારીને કારણે બાળક માનસિક દિવ્યાંગ હોય ત્યારે પરિવારની સ્થિતિ કફોડી બની જાય છે. તેમાં પણ અમુક પરિવારમાં એકથી વધારે આ પ્રકારના બાળકો જણાય ત્યારે પરિવાર માટે પડકારજનક સ્થિતિ ઉદ્ભવે છે. ક્યારેક તો ઘરમાં એક દિવ્યાંગ બાળકને લીધે કુટુંબના અન્ય સામાન્ય બાળકો ઉપર વિપરીત અસરો પડે છે. ક્યારેક સામાજીક-કૌટુંબીક સમસ્યાઓ પણ ઉદ્ભવે છે. વધુમાં આપણા સમાજમાં માનસિક વિકલાંગતાની બાબતમાં જાગૃતિના અભાવે પરિવારજનોએ ખુબ જ સહન કરવાનું થાય છે. તેમાં પણ સિવિયર પ્રકારના બાળકો જેઓ પોતાની દૈનિક નૈસર્ગિક ક્રીયાઓ જેવી કે સંડાસ-બાથરૂમ, નહાવું, કપડા પહેરવા, બ્રશ કરવું તથા જમવા સહિતની રોજીંદી ક્રીયાઓ પણ આપમેળે કરી શકતા નથી. આ સંજોગોમાં માનસિક દિવ્યાંગ બાળકોને ખાસ તાલીમ આપી સમાજના મુખ્ય પ્રવાહમાં લાવવાનું ખૂબ જ મુશ્કેલ પરંતુ અતિ મહત્ત્વનું બની જાય છે. સમાજમાં આ બાબતની જાગૃતિ લાવવાનું તથા આ બાળકોનો વિવિધ તાલીમ દ્વારા માનસિક તથા સર્વાંગી વિકાસ કરીને પોતાની રોજીંદી દૈનિક ક્રિયાઓ પોતે જાતે કરીને સ્વનિર્ભર બનીને પોતાના પરિવારમાં તથા સમાજમાં સામાન્ય-નોર્મલ બાળકની જેમ જ ભળી જાય તે માટેના અમારાં આ નમ્ર પ્રયાસમાં આપ સર્વેને સહભાગી થવા અમારી હાર્દિક અપીલ-વિનંતી છે.''














# માનસિક દિવ્યાંગ (મંદબુદ્ધિ) બાળકો માટે ઉપલબ્ધ સુવિધાઓઃ

- બાળકોનું તબીબી તથા મનોચિકિત્સક નિદાન, ઉપચાર, સારવાર અને તાલીમની વ્યવસ્થા
- બાળકોની વાર્તનિક અને ભાવનાત્મક સમસ્યાઓનો વિકાસ
- બાળકોમાં વાણી વિકાસની (સ્પીચ થેરાપી) તાલીમ, સેલ્ફકેરની તાલીમ
- બાળકોને મ્યુઝિક થેરાપી તથા કલરથેરાપી જેવી આધુનિક પદ્ધતિ દ્વારા તાલીમ
- ટોઈલેટ અનટ્રેઈન્ડ બાળકોને વિશેષ પદ્ધતિ તથા ઉપકરણો દ્વારા તાલીમ
- બાળકોને શૈક્ષણિક, વ્યવસાયીક તથા સામાજીકતાની તાલીમ
- સ્નાયુઓની કસરત અને ફીઝીયોથેરાપી સારવાર
- બાળકના વાલી માટે સલાહસુચન અને માર્ગદર્શન
- તાલીમ-શૈક્ષણિક તેમજ મનોરંજન માટેના સંપૂર્ણ ઈલેકટ્રોનીક સાધનોની સગવડ
- ફળાઉ તથા અન્ય મોટા વૃક્ષો સાથેનો બગીચો
- હરીયાળી લોન સાથેની સુવિધાથી સજ્જ રમતગમત માટેનું વિશાળ સુરક્ષિત મેદાન








ભારત લોકહિત સેવા સમિતિની સ્થાપના સને ૧૯૯૪માં કરવામાં આવેલ. ટ્રસ્ટનો મુખ્ય હેતુ શૈક્ષણિક તથા સમાજલક્ષી કાર્ય કરવાનો છે. જે અંતર્ગત ટ્રસ્ટ દ્વારા મહિલાઓ, બાળકો તથા યુવાનોને ધ્યાનમાં રાખી વિવિધ પ્રવૃત્તિઓ કરવામાં આવે છે. ટ્રસ્ટ દ્વારા દિવ્યાંગ કલ્યાણ પ્રવૃત્તિનાં ભાગરૂપે સને ૧૯૯૮માં 'ચિન્મય' માનસિક દિવ્યાંગ બાળકોની નિવાસી તથા ડે-કેર સંસ્થાની સ્થાપના કરવામાં આવી. 'ચિન્મય' સંસ્થા માનસિક દિવ્યાંગ બાળકોના સર્વાંગી વિકાસ તથા પુનઃસ્થાપન તથા પુનઃર્વસન માટે કાર્યરત છે. સંસ્થાનો મુખ્ય હેતુ માનસિક દિવ્યાંગ બાળકોનો સર્વાંગી વિકાસ અને સમાજ સાથે સમાયોજન થાય તે હેતુથી બાળકોને શૈક્ષણિક અને પૂર્વવ્યવસાયીક તાલીમ આપવામાં આવે છે. આ ઉપરાંત તેમને સમાજના સામાન્ય વર્ગના પ્રવાહમાં ભેળવવા માટે સામાજીકતાની તાલીમ અને વ્યક્તિગત સમસ્યાની તાલીમ આપવામાં આવે છે.

## બાળકોનું તબીબી તથા મનોચિકિત્સક નિદાન, ઉપચાર અને સારવારઃ

સંસ્થાએ યોગ્ય પરિણામ માટે જુદા જુદા ક્ષેત્રના નિષ્ણાત તજજ્ઞોની સેવા લેવાનો હંમેશા અભિગમ અપનાવેલો છે જેમ કે સાયકીયાટ્રી, સાયકોલોજી-સાયકોથેરાપી, ઓડિયોલોજી અને સ્પીચથેરાપી, ઓક્યુપેશનલ થેરાપી, મ્યુઝિક થેરાપી, કલર થેરાપી, ફિઝીયોથેરાપી આયુર્વેદિક ચિકિત્સા માટે નિષ્ણાત વૈદ્યોની સલાહ અને માર્ગદર્શન તથા શૈક્ષણિક અને સામાજીક ક્ષેત્રના તજજ્ઞો. જેઓના માર્ગદર્શન તથા સલાહસૂચન મુજબ દરેક બાળકને વ્યક્તિગત ધોરણે યોગ્ય પદ્ધતિ અપનાવી સારવાર તથા તાલીમ આપવામાં આવે છે.





## બાળકોમાં વાણી વિકાસની (સ્પીચ થેરાપી) તાલીમઃ

માનસિક દિવ્યાંગ બાળકો મુખ્યત્વે સ્પીચની (બોલવાની) તકલીફ ધરાવતા હોય છે. આ માટે સ્પીચ થેરાપીસ્ટ દ્વારા દરેક બાળકની વ્યક્તિગત રીતે તપાસ કરી તેમને યોગ્ય પદ્ધતિથી સારવાર તથા તાલીમ આપવામાં આવે છે.



## બાળકોને સેલ્ફકેરની તાલીમઃ

માનસિક દિવ્યાંગ સિવિયર તથા મોડરેટ પ્રકારના બાળકોને સેલ્ફકેરની તાલીમ આપવામાં આવે છે. જેમાં ટોઈલેટ ટ્રેઈનીંગ, બ્રશ કરવું, નહાવું, કપડા પહેરવા, જમવું વગેરેનો સમાવેશ થાય છે. બાળક જ્યારે સંસ્થામાં પ્રવેશ મેળવે ત્યારે વાલી તરફથી બાળક વિશેના પ્રતિભાવો તથા અપેક્ષાઓ જાણવામાં આવે છે. તે ઉપરાંત વાલીના અમુક પ્રકારના સલાહસૂચનને ધ્યાનમાં લઈ બાળકની તાલીમ અને સારવાર નક્કી કરવામાં આવે છે.







## ટોઈલેટ અનટ્રેઈન્ડ બાળકોને વિશેષ પદ્ધતિએ તાલીમઃ

સંસ્થામાં ટોઈલેટ અનટ્રેઈન્ડ બાળકો કે જેમને સંડાસ બાથરૂમ કરવાની સમજ ના હોય તેવા સીવીયર માનસિક દિવ્યાંગ અને અઢાર વર્ષથી નાની ઉંમરના બાળકોને નિવાસી શાળામાં ટોઈલેટ ટ્રેઈનીંગ તથા સેલ્ફકેર ટ્રેઈનીંગ આપવામાં આવે છે. ટોઈલેટ અનટ્રેઈન્ડ બાળકોને ટોઈલેટ ટ્રેઈનીંગ માટે ખાસ પ્રકારના સાધનો અને પદ્ધતિ વિકસાવેલ છે અને તેનો સંસ્થાના બાળકોને તાલીમ માટે સફળતાપૂર્વક ઉપયોગ પણ કરવામાં આવી રહેલ છે. જેના સારા પરિણામો પણ સાંપડેલ છે.









# બાળકોને શૈક્ષણિક, વ્યવસાયિક તથા સામાજિકતાની તાલીમઃ

સંસ્થામાં બાળકોને યોગ્ય રીતે તાલીમ મળી રહે તે માટે માનસીક અને શારીરિક ઉંમરને ધ્યાનમં રાખી તેમજ બાળકનું વર્તન-વાણી-ટેવ વગેરેને આધારે નીચે મુજબ ચાર ગ્રુપ પાડેલ છે. સંસ્થામાં ૨૦ થી ૭૦ સુધીના બુદ્ધિક્ષમતાવાળા માનસિક રીતે દિવ્યાંગ બાળકોને રાખીને તાલીમ આપવામાં આવે છે. ગ્રુપમાં વહેંચણી દરમ્યાન મેડિકલ નિદાન, માનસિક નિદાન, સાયકોલોજીકલ પ્રકાર, શૈક્ષણિક ક્ષમતા તથા બાળકની હાલની ક્ષમતાનું મૂલ્યાંકનનું ધ્યાન રાખવામાં આવે છે.

| ગ્રુપનું નામ | બુદ્ધિક્ષમતા | સાયકોલોજીકલ ક્ષમતા | શૈક્ષણિક ક્ષમતા |
|---|---|---|---|
| વરૂણ | ૩૦ થી ૪૦ | સિવિયર | ટ્રેઈનેબલ |
| આશાકિરણ | ૪૧ થી ૫૦ | મોડરેટ | ટ્રેઈનેબલ |
| ઉમંગ | ૫૧ થી ૬૦ | મોડરેટ | ટ્રેઈનેબલ |
| ઉલ્લાસ | ૬૧ થી ૭૦ | મોડરેટ માઈલ્ડ | એજ્યુકેબલ |






સંસ્થાનો મુખ્ય હેતુ માનસિક દિવ્યાંગ બાળકોના પુનઃસ્થાપન તથા પુનઃર્વસન અને સર્વાંગી વિકાસની પ્રવૃત્તિ કરવાનો છે. પુનઃસ્થાપન એટલે સમાજ સાથે સમાજમાં રહી અને સમાજ વડે થતી પ્રક્રિયા. સમાજના સામાન્ય વર્ગના પ્રવાહમાં ભેળવવા માટે સામાજીકતાની તાલીમ અને વ્યક્તિગત સમસ્યાની તાલીમ આપવામાં આવે છે. જેથી આ બાળકો આપણા સમાજના દરેક સામાજીક-ધાર્મિક પ્રસંગોમાં સહભાગી થઈ ઉત્સાહપૂર્વક માણી શકે.

# વ્યવસાયિક તાલીમ :

માનસિક દિવ્યાંગ બાળકો આત્મનિર્ભર બને તે દરેક વાલીનું સ્વપ્ન હોય છે. જે માટે સંસ્થા દ્વારા તેમને વ્યવસાયિક તાલીમ પુરી પાડવામાં આવે છે. આ તાલીમના ભાગરૂપે સંસ્થા દ્વારા બાળકોને પગલૂછણીયાં, દિવડા, મીણબત્તી જેવી વસ્તુઓ બનાવવાની તાલીમ આપવામાં આવે છે.






# સ્પેશીયલ તાલીમઃ

સંસ્થા દ્વારા બાળકોને ખાસ અમુક જ પ્રકારની તાલીમની જરૂરિયાત હોય તેવા સંજોગોમાં વાલીની અપેક્ષા મુજબ તથા બાળકની ક્ષમતા પ્રમાણે વ્યક્તિગત તાલીમ આપવામાં આવ છે. જેના અંતર્ગત દૈનિક કાર્યક્રમની તાલીમ, સેલ્ફકેર તાલીમ, શૈક્ષણિક તાલીમ, વર્તન સમસ્યાની તાલીમ, વ્યવસાયીક તાલીમ, સ્પીચ થેરાપી (વાણી વિકાસ) ની તાલીમ, ફીઝીયોથેરાપીની તાલીમ આપવામાં આવે છે.






# સ્નાયુઓની કસરત અને ફીઝીયોથેરાપીઃ

શારીરિક ક્ષતિગ્રસ્ત માનસિક દિવ્યાંગ બાળકો માટે ફીઝીયોથેરાપીની સારવાર પણ ઉપલબ્ધ છે. બાળકોને ફીઝીયોથેરાપીસ્ટના માર્ગદર્શન હેઠળ ખાસ પ્રકારના ફીઝીયોથેરાપી સાધનો દ્વારા સારવાર આપવામાં આવે છે. બાળકમાં સ્નાયુઓની તકલીફના કારણે અથવા તો સ્નાયુઓના મર્યાદિત ઉપયોગને કારણે વસ્તુ પકડવામાં કે ઉંચકવામાં તકલીફ થતી હોય તો તે માટે સ્નાયુઓની સારવાર પણ ઉપલબ્ધ કરાવવામાં આવે છે.



# કલર થેરાપી :

વિવિધ બિમારી અને રોગોની સારવાર માટે હજારો વર્ષોથી કલર થેરાપીનો ઉપયોગ કરવામાં આવે છે. રંગ (કલર) વૈજ્ઞાનિક જીવનમાં આગવું મહત્ત્વ ધરાવે છે. વિવિધ રંગોની જુદી જુદી અસરો આપણા મગજ પર થાય છે તે એક વૈજ્ઞાનિક દૃષ્ટિએ પુરવાર થયેલ બાબત છે. માનસિક વિકાસ મોટેભાગે બ્લૂ અને વાયોલેટ સાથે તથા ભાવનાત્મક મુદ્દાઓ મોટેભાગે યલો અને ગ્રીન સાથે સંકળાયેલ છે. રંગ માનસિક અને ભાવનાત્મક વિકૃતિઓના લક્ષણોને દૂર કરવામાં પણ અસરકાર છે. ડિસઓર્ડરના પ્રકારને ધ્યાનમાં રાખી ચોક્કસ સંયોજનો અથવા એકલ કલરનો ઉપયોગ કરી કલરની પોઝીટીવ અસરથી મગજની શક્તિઓને વિકસિત કરવી તે કલર થેરાપી. આ બાળકોને રંગોના વિવિધ ઈલેક્ટ્રોનિક સાધનો દ્વારા તેમને જે તે કલરની વિશિષ્ટતાઓ દ્વારા તેમના મગજને પ્રવૃત્ત કરવાની પ્રક્રિયા કરાવવામાં આવે છે.







# મ્યુઝીક થેરાપી :

બાળકના મન સુધી કોઈપણ જાતના ગુંચવાડા વિના અને સીધેસીધા પહોંચવા એક જ વાદ્યમાંથી નીકળતા સૂર અને અવાજમાં ક્ષમતા છે. મ્યુઝિક થેરાપીની મદદથી જન્મજાત ખામી ધરાવતા બાળકોના વિકાસની સમસ્યા ઉકેલી શકાય છે. વ્યક્તિના વર્તનમાં, ભાવનાઓની અભિવ્યક્તિ કરવાના તેમના વલણમાં અને સામાજીક કુશળતાઓમાં પરિવર્તન લાવી શકાય છે. મ્યુઝિક થેરાપીની મદદથી બોલવામાં પડતી તકલીફો દૂર કરવાની સાથોસાથ વિચારોની આપ–લે કરવામાં રહી જતી ક્ષતિઓ પણ દૂર કરી શકાય છે. મ્યુઝિક થેરાપીમાં વ્યક્તિગત બાળકની જરૂરિયાત પ્રમાણે કન્સલ્ટન્ટની સેવાઓ લઈ શકાય છે તેમજ મ્યુઝિક થેરાપીથી સીધી સારવાર પણ આપી શકાય છે.

મ્યુઝિક થેરાપીમાં વિશિષ્ટ શિક્ષણની સાથે સાથે જ અભ્યાસક્રમમાં સંગીતનો સમાવેશ કરી લઈને પણ અસરકારક પરિણામ મેળવી શકાય છે. ઓછામાં ઓછા અવરોધવાળા વાતાવરણમાં બાળકને દરેક કાર્યમાં ભાગ લેતું કરવા માટે મ્યુઝિકથેરાપી મદદરૂપ થાય છે. સંગીતના વિવિધ પરંપરાગત વાજીંત્રો દ્વારા તેમજ મ્યુઝિક સિસ્ટમ જેવા આધુનિક ઉપકરણો દ્વારા સંગીતમય વાતાવરણ વચ્ચે બાળકોની માનસિક શક્તિઓને વિકસાવવામાં આવે છે. ધી મ્યુઝિક થેરાપી ટ્રસ્ટ – ઈન્ડિયા દ્વારા પ્રમાણિત પદ્ધતિથી તાલીમ આપવામાં આવે છે.





# બાળકના વાલી માટે સલાહસૂચન અને માર્ગદર્શન :



સંસ્થા દ્વારા દિવ્યાંગ બાળકોના વાલીને યોગ્ય માર્ગદર્શન તથા સલાહસૂચન આપવામાં આવે છે. આ માટે જે તે વિષયના જુદા જુદા નિષ્ણાતોની પણ મદદ લેવામાં આવે છે. આપવામાં આવતા સલાહસૂચન તથા માર્ગદર્શનમાં નીચે મુજબના વિષયોનો સમાવેશ થાય છે.

દિવ્યાંગ બાળકોને ઘરે તાલીમ આપવાની સલાહ અને પદ્ધતિ

| | |
|---|---|
| સંસ્થામાં પ્રવેશ માટે, | સાયકોલોજીક ટ્રીટમેન્ટ માટે, |
| ઓક્યુપેશનલ ટ્રીટમેન્ટ માટે, | સાઈકીયાટ્રીક ટ્રીટમેન્ટ માટે, |
| ફીઝીયોથેરાપી ટ્રીટમેન્ટ માટે, | વોકેશનલ તાલીમ માટે |

પુન:ર્વસન માટે ઘરે અપનાવવાની કાર્યપદ્ધતિ તથા ધ્યાન રાખવાની બાબતો

# તાલીમી-શૈક્ષણિક તેમજ મનોરંજન માટેના સંપૂર્ણ ઈલેક્ટ્રોનિક સાધનોની સગવડ :

માનસિક દિવ્યાંગ બાળકોને તાલીમ અને સારવાર માટે વિશિષ્ટ પદ્ધતિ અને સાધનોની મદદથી ચોક્કસ પરિણામ પ્રાપ્ત કરી શકાય છે. આ માટે સંસ્થા પાસે શૈક્ષણિક, તાલીમી અને મનોરંજનના તમામ પ્રકારના સાધનો ઉપલબ્ધ છે. જેમાં વિડીઓ પ્રોજેક્ટર, મ્યુઝીક સીસ્ટમ, એલઈડી ટીવી તથા ડીવીડી પ્લેયર, ડીઝીટલ ચેનલ વગેરે.



# વિશાળ બગીચો, હરીયાળી લોન સાથે રમતગમત માટેનું વિશાળ મેદાન ધરાવતું કેમ્પસ :

સંસ્થા ત્રણ માળનું દિવ્યાંગ બાળકોની જરૂરિયાત મુજબનું સ્વતંત્ર વિશાળ મકાન અને રમતનું મેદાન ધરાવે છે. જેમાં શૈક્ષણિક તાલીમ, છાત્ર નિવાસ તથા ભોજનખંડ માટે અલગ અલગ માળ ફાળવેલ છે. જ્યારે લોન સાથેના વિશાળ મેદાનમાં રમત–ગમત, યોગ, વ્યાયામ વગેરેની તાલીમ આપવામાં આવે છે. ફળાઉ તેમજ ધાર્મિક ઉર્જાશક્તિ ધરાવતા વિશાળ વૃક્ષોના બગીચામાં દિવ્યાંગ બાળકોને ધ્યાનમાં રાખી વિવિધ પ્રકારના હિંચકા લપસણી બનાવવામાં આવેલ છે. બાળકોને ખુલ્લા વાતાવરણમાં ઋતુચક્રના હવામાનની વિપરીત અસર ન થાય તે માટે વિશાળ આકર્ષક શેડ–લાઈટ, પંખા તથા મ્યુઝિક સિસ્ટમ સાથેની સુવિધાથી સુસજ્જ છે.









# વાલી સેમીનારનું આયોજનઃ



માનસિક દિવ્યાંગ બાળકોના સર્વાંગી વિકાસ માટે વાલીઓની તેમના બાળકો પ્રત્યેની સમજ અને વાલી તરફથી મળતી તાલીમ પણ તેટલોજ મહત્ત્વનો ભાગ ભજવે છે. આ માટે વાલીઓને જરૂરી સમજ અને માર્ગદર્શન માટે મર્યાદિત સંખ્યામાં અથવા વ્યક્તિગત રીતે વખતોવખત વાલી મીટીંગનું નિયમિતપણે આયોજન કરવામાં આવે છે. જેનો મુખ્ય હેતુ માનસિક પછાત બાળકોની તકલીફો અને તેનું નિદાન છે. આ અંગે વાલીઓ સાથે નિખાલસતાથી ઉંડાણપૂર્વક ચર્ચા કરવામાં આવે છે.તથા તેમને યોગ્ય માર્ગદર્શન આપવામાં આવે છે. આ ઉપરાંત વાલીઓ પોતાના બાળક તરફથી ઓછામાં ઓછી કેટલી અપેક્ષા રાખે છે તથા તેમની તે અપેક્ષા કેટલા પ્રમાણમાં શક્ય છે તે બાબત પર ચર્ચા કરવામાં આવે છે.

# અન્ય વિદ્યાર્થીલક્ષી પ્રવૃત્તિઓ રમત-ગમત :

સંસ્થામાં બાળકોને વિવિધ રમતો જેવી કે દોડ, લાંબો કૂદકો, ગોળા ફેંક, બોચીની તાલીમ આપવામાં આવે છે. વધુમાં ડીશ થ્રો, બાસ્કેટબોલ, વોલીબોલ, ફૂટબોલ તથા ક્રિકેટની રમતો તો ખરી જ. વર્ષ દરમ્યાન રમતોત્સવનું આયોજન કરવામાં આવે છે તથા આ પ્રકારના બાળકો માટે યોજાતા સ્પેશિયલ ઓલિમ્પીકમાં રાજ્ય તથા રાષ્ટ્રિય સ્તરે ભાગ લેવામાં આવે છે.





# ચિત્ર સ્પર્ધા :

બાળકોમાં એકાગ્રતા સાથે રંગો અને તેમાં રહેલા સૌંદર્યની ઓળખ કરાવવા તથા તેમનામાં રહેલી શક્તિઓને જાણવા તથા બહાર લાવવા માટે ચિત્રકામ તાલીમ તથા સ્પર્ધાનું આયોજન થાય છે.



## પ્રવાસ પર્યટન :

પ્રકૃતિના સૌંદર્યનો અનેરો આનંદ માણવા ઉપરાંત ગમ્મત સાથે પ્રત્યક્ષ જ્ઞાન અનુભવને આત્મસાત કરવા તેમજ રોજીંદી પ્રવૃત્તિઓથી અલગ પ્રકારની આ પ્રવૃતિ દ્વારા બાળકોને મુક્તિનો સાચો આનંદ પ્રાપ્ત કરવા સાથે તેમના માનસિક વિકાસમાં અદ્‌ભૂત પ્રગતિ લાવી શકાય તે માટે પ્રવાસ પર્યટનને પણ વિશેષ મહત્ત્વ આપવામાં આવે છે.






## તહેવારોની ઉજવણી :

આ પ્રકારના બાળકોમાં એક ઉત્સાહ અને આનંદનો સંચાર કરવા માટે તથા બાળકો દરેક તહેવારોથી પરિચિત બને અને તેનો આનંદ માણી શકે તે માટે ઉત્તરાયણ, હોળી, રક્ષાબંધન, નવરાત્રી જેવા વિવિધ તહેવારો તથા સ્વતંત્રતા દિવસ તથા પ્રજાસત્તાક દિવસ જેવા રાષ્ટ્રીય તહેવારોની ઉજવણી આયોજનબદ્ધ કરવામાં આવે છે. સંસ્થામાં બાળકોના જન્મદિવસની પણ ઉત્સાહપૂર્વક ઉજવણી કરવામાં આવે છે.






# સંસ્થાની મુલાકાતે આવેલ મહાનુભાવો તથા તેમના અભિપ્રાય :

**માનનીય મુખ્યમંત્રીશ્રી કેશુભાઈ પટેલ, ગુજરાત રાજ્ય**

**(મુલાકાત તારીખ ૨૨ એપ્રિલ ૧૯૯૯)**



''ચિન્મય' સંસ્થાની મુલાકાત પ્રસંગે મંદબુદ્ધિના બાળકોને આત્મનિર્ભર બનાવવાની પ્રોત્સાહક પ્રવૃત્તિઓનો પ્રત્યક્ષ પરિચય થયો – ઘણી ખુશી થઈ. વિકલાંગ બાળકોના માનસને કેળવવાનો પ્રયાસ અનોખી ચીવટ અને નિષ્ઠા માગે છે. સંસ્થાના સૌ સહયોગીઓ આ માટે અભિનંદનના અધિકારી છે. મંદબુદ્ધિના બાળકોના વિલાઈ ગયેલા ચહેરા પરનું હાસ્ય પુલકિત બને તેવો સંસ્થાનો ઉદ્દેશ ફળદાયી નિવડે અને ફલક વિકસતું રહેશે તેવી શ્રદ્ધા સાથે સંસ્થાની પ્રગતિ માટે શુભેચ્છા.''

**માનનીય મંત્રીશ્રી અશોકભાઈ ભટ્ટ, આરોગ્ય અને પરિવાર કલ્યાણ, ગુજરાત રાજ્ય :**



''ચિન્મય – મંદ પડેલા તારલા જેવા બાળકોમાં ચૈતન્ય લાવે છે. પ્રભુની ભુલને કારણે મંદબુદ્ધિ પામેલાને, પ્રભુએ કરેલા અન્યાયને દૂર કરે છે તે બદલ અભિનંદન.''

**માનનીય મંત્રીશ્રી ફકીરભાઈ વાઘેલા, સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ, ગુજરાત રાજ્યઃ**



''ચિન્મય સંસ્થાની મુલાકત પ્રસંગે ઉપસ્થિત રહેવાનો આનંદ અનુભવું છું. સંસ્થા વિકલાંગો પૈકી મંદબુદ્ધિના બાળકોના સર્વાંગી વિકાસ અર્થે કાર્યરત છે તે જાણી આનંદ થયો. સંસ્થા ભવિષ્યમાં નાના છોડમાંથી વટવૃક્ષ બની સમાજની સેવામાં અગ્રેસર રહે તેવી શુભેચ્છા વ્યક્ત કરું છું. સંસ્થાના ટ્રસ્ટીમંડળ તથા સ્થાપક સભ્યો આ મહાયજ્ઞમાં ખૂબ ખંતથી કાર્ય કરી રહ્યા છે. તેમને અભિનંદન આપી સંસ્થાના સર્વાંગી વિકાસની મહેચ્છા વ્યક્ત કરું છું.''

**માનનીય મેયરશ્રી ગૌતમભાઈ શાહ, અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન**

**(તા. ૧૯ ફેબ્રુઆરી, ૨૦૧૭)**



''ચિન્મય માનસિક દિવ્યાંગ બાળકોની નિવાસી તથા ડે–કેર સંસ્થાના બાળકોને જોઈને આનંદ થાય છે કે તેઓ સરસ રીતે ટ્રેનીંગ મેળવી રહ્યા છે. ઈશ્વરને મળવું હોય તો આવી સંસ્થામાં જ મળી જાય. ખૂબ જ સેવા અદ્‌ભુત કામ જોવા મળ્યું. હું ડૉ. ગર્ગ શુકલને ખૂબ જ અભિનંદન આપું છું. તેઓ આ ઉંમરે આવું સુંદર કાર્ય કરી રહ્યા છે તે જાણીને પણ આશ્ચર્ય થયું.''

# નિવાસી બાળકોની દિનચર્યા

| | |
|---|---|
| સવારે ૦૬.૦૦ થી ૦૮.૦૦ | પ્રાત:ક્રિયા (બ્રશ કરવું, શૌચાદિ ક્રિયા) |
| સવારે ૦૮.૦૦ થી ૦૮.૩૦ | દૂધ–નાસ્તો |
| સવારે ૦૮.૩૦ થી ૦૯.૦૦ | યોગાસન |
| સવારે ૦૯.૦૦ થી ૦૯.૩૦ | શારીરિક વ્યાયામ |
| સવારે ૦૯.૩૦ થી ૧૧.૩૦ | સ્નાન ક્રિયા (નહાવું)<br>(બાકીના બાળકોને ગ્રુપવાઈઝ બેસાડી સામાન્ય જ્ઞાન આપવું) |
| સવારે ૧૧.૩૦ થી ૧૨.૦૦ | બાળકોને ડાઈનીંગ ટેબલ પર સમૂહમાં ગ્રુપવાઈઝ બેસાડી જમાડવા |
| સવારે ૧૨.૦૦ થી ૧૨.૩૦ | ગણવેશ પહેરતા શીખવવું |
| બપોરે ૧૨.૩૦ થી ૦૩.૩૦ | સમૂહ પ્રાર્થનાથી શૈક્ષણિક કાર્ય |
| બપોરે ૦૩.૩૦ થી ૦૪.૦૦ | બપોરનો નાસ્તો |
| બપોરે ૦૪.૦૦ થી ૦૫.૦૦ | મ્યુઝિક થેરાપી (ગીત–સંગીત–વાદ્ય)/કલર થેરાપી |
| સાંજે ૦૫.૦૦ થી ૦૫.૩૦ | ગણવેશ બદલાવવો |
| સાંજે ૦૫.૩૦ થી ૦૬.૩૦ | મેદાનમાં વિવિધ રમતો રમાડવી. |
| સાંજે ૦૬.૩૦ થી ૦૭.૦૦ | બાળકોને ડાઈનીંગ ટેબલ પર સમૂહમાં ગ્રુપવાઈઝ બેસાડી જમાડવા |
| સાંજે ૦૭.૦૦ થી ૦૯.૦૦ | મનોરંજન<br>(ટીવી જોવું, દિવસભરની પ્રવૃત્તિ અંગે ચર્ચા કરવી,દવાઓ આપવી) |
| સાંજે ૦૯.૦૦ વાગે | રાત્રી નિંદ્રા. |

# સંસ્થાની નોંધણી તથા માન્યતા

- સંસ્થા બોમ્બે પબ્લીક ટ્રસ્ટ એકટ ૧૯૫૦ હેઠળ નોંધાયેલ રજીસ્ટર્ડ ચેરીટેબલ ટ્રસ્ટ છે.
- સંસ્થા સોસાયટી રજીસ્ટ્રેશન એક્ટ ૧૮૬૦ હેઠળ નોંધાયેલ છે.
- સંસ્થા ગુજરાત રાજ્યના વિકલાંગતા ધારા ૧૯૯૫ હેઠળ નોંધાયેલ છે.
- સંસ્થા સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રાલય, નવી દિલ્હી અંતર્ગત વિકલાંગો માટેના નેશનલ ટ્રસ્ટ હેઠળ નોંધાયેલ છે.
- સંસ્થા ભારત સરકારના આવકવેરા કાયદા ૧૯૬૧ મુજબ ઈન્કમટેક્ષની કલમ ૮૦(જી) નું પ્રમાણપત્ર ધરાવે છે.
- સંસ્થા FCRA (Foreign Contribution Regulation Act, 2010) હેઠળ નોંધાયેલ છે.



સંસ્થાને સ્વૈચ્છિક સહયોગ અને સહાયરૂપ થવા ઈચ્છીત કોઈપણ વ્યક્તિ દ્વારા સંસ્થાની પ્રવૃત્તિઓને વધુ વિકસાવવા કાર્યક્ષેત્રને અનુરૂપ મદદ સહાય આવકાર્ય થશે. જેમાં વસ્તુ સ્વરૂપે અથવા નાણાકીય રીતે કોઈપણ સેવાભાવી વ્યક્તિ પોતાનો ફાળો આપી સ્વાસ્થ્ય-સેવા-સત્કર્મના સંસ્થાના સંકલ્પને પૂર્ણ કરવાનું શ્રેય લઈ શકે છે.

નોંધ : સંસ્થાને આપેલ દાન ઈન્કમટેક્ષની કલમ-૮૦(જી) હેઠળ કરમુક્ત રહેશે.



ચલો જલાયે દીપ જહાં આજ ભી અંધેરા હૈ